# 1 સાંજ સમે શામળિયો

**નરસિંહ મહેતા**
**(સમય : આશરે 15મું શતક)**

ભાવનગર પાસેના તળાજામાં તેમનો જન્મ થયો હતો. તેમનું બાળપણ જૂનાગઢમાં વીત્યું. તેમને ગુજરાતી ભાષાના 'આદિકવિ'નું બિરુદ મળેલ છે. 'હિંડોળાનાં પદ', 'વસંતનાં પદ', 'કૃષ્ણલીલા', 'ભક્તિબોધ' વગેરેનાં પદોમાં તેમની કવિતા મળે છે. ઝૂલણા છંદમાં નરસિંહનાં પ્રભાતિયાં આજે પણ લોકકંઠે ગવાય છે. હાર, હૂંડી, મોસાળું, વિવાહ અને શ્રાદ્ધ એમનાં આત્મવૃત્તાંતનાં પદો છે. નરસિંહ મહેતાનાં પદોમાં અધ્યાત્મની ઊંચાઈ જોવા મળે છે.

'સાંજ સમે શામળિયો' કૃષ્ણના મધુર રૂપવર્ણનનું ગીત કાવ્ય છે. સાંજના સમયે ગાયોનું ધણ ગામ તરફ પાછું વળતું હોય એવે સમયે શામળિયો(કૃષ્ણ) વૃંદાવનથી આવતો હોય એવા વર્ણનથી કાવ્યની શરૂઆત થાય છે. મુગુટ, કાનના કુંડળ, પીતાંબર અને ફૂલની પછેડી ધારણ કરેલા કૃષ્ણ ચંદનની જેમ મહેકે છે. કૃષ્ણના રૂપની આવી શોભા વર્ણવવા માટે નરસિંહ મહેતા જુદી જુદી ઉપમાઓ પ્રયોજે છે. જેમ કે તારાઓની વચ્ચે જેમ ચંદ્ર શોભતો હોય, સોના વચ્ચે હીરો શોભે એમ ગોવાળો વચ્ચે ગિરિધર શોભી રહ્યા છે. છેલ્લી બે પંક્તિઓમાં સુંદર-મધુર કૃષ્ણ પર ભક્ત નરસિંહ મહેતા કેવી રીતે વારી જાય છે એ ભાવ શૃંગારિક રીતે વ્યક્ત થયો છે. આવા વહાલા, શુભકારી, રસિક કૃષ્ણ વગર રહી શકાય એમ નથી. એને વારંવાર નીરખતા રહેવાના ભાવ સાથે આ કાવ્ય પૂરું થાય છે.

---

સાંજ સમે શામળિયો વહાલો, વૃંદાવનથી આવે;
આગળ ગોધન, પાછળ સાજન, મનમાં મોહ ઉપજાવે. - સાંજ. 1

મોર મુગુટ શિર સુંદર ધરિયો, કાને કુંડળ લહેકે;
પહેર્યાં પીતાંબર, ફૂલની પછેડી, ચુઆ-ચંદન મહેકે, - સાંજ. 2

તારામંડળમાં જેમ શશિયર શોભે હેમે જડિંગ હીરો;
તેમ ગોવાળમાં ગિરધર શોભે, હરિ હળધરનો વીરો. - સાંજ. 3

વહાલાજીનું રૂપ રૂદેમાં વસિયું, મનડું તે ધસિયું મારું;
આળ કરી આલિંગન દીધું તન-મન મુખ પર વારું. - સાંજ. 4

વહાલાજીનું રૂપ મહાશુભકારી, રસિયા વિણ કેમ રહીએ ?
નરસૈંયાચા સ્વામીની શોભા નિરખી નિરખી હરખીએ. - સાંજ. 5

**('નરસિંહ મહેતાના કાવ્યો'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી/શબ્દાર્થ

**ગોધન** ગાય રૂપી ધન, અહીં ગાયોનું ધણ; **કુંડળ** કાને પહેરવાનું ઘરેણું; **પીતાંબર** પીળું રેશમી વસ્ત્ર; **પછેડી** ઓઢવાની જાડી ચાદર; **ચુઆ** સુગંધી તેલ; **ચંદન** એક જાતનું સુગંધી લાકડું, સુખડ; **શશિયર** ચંદ્ર; **હેમ** સોનુ, કનક, સુવર્ણ; **હળધર** બલરામ, હળને ધારણ કરનાર; **નીરખવું** ધ્યાનથી જોવું; **આળ** આક્ષેપ અહીં વહાલ, ઓળખ

### વિરુદ્ધાર્થી

**મોહ** નિર્મોહ; **રૂપ** કુરૂપ; **શુભ** અશુભ

### તળપદા શબ્દો

**વિણ** વિના; **સમે** સમયે; **ધરિયો** ધારણ કર્યો; **જડિંગ** જડેલું; **રૂદે** હૃદયમાં

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) ગોવાળમાં ગિરધર કેવા શોભી રહ્યા છે ?

(A) હળધર જેવા (B) તારામંડળમાં ચંદ્ર જેવા

(C) સોનામાં જડેલા હીરા જેવા (D) ઉપરના (B) અને (C) બંને જેવા

(2) 'હરિ હળધરનો વીરો' એટલે ?

(A) ખેડૂતોનો ભાઈ (B) હળ ધારણ કરનારમાં હીરો

(C) બલદેવજીના ભાઈ (D) હરિએ વીરની માફક હળ ધારણ કર્યું છે.

(3) ભગવાન શ્રીકૃષ્ણએ....

(A) લાલ રંગનાં વસ્ત્રો પહેર્યાં છે. (B) પીળા રંગનાં વસ્ત્રો પહેર્યાં છે.

(C) હાથમાં મોરપિચ્છ ધારણ કર્યું છે. (D) કાનમાં કુંડળ પહેર્યું નથી.

(4) શ્રીકૃષ્ણની શોભા જોઈને નરસિંહ મહેતા...

(A) દુઃખી દુઃખી થાય છે. (B) કલ્પાંત કરે છે.

(C) ભાવમુક્ત બની ગયા છે. (D) હરખ પામી રહ્યા છે.

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) નરસિંહ મહેતા હરખી રહ્યા છે, કારણ કે

(2) કાવ્યના આધારે સાંજના સમયનું દૃશ્ય આલેખો.

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) કૃષ્ણરૂપ મહાશુભકારી છે એમ કવિ શા માટે કહે છે ?

(2) કવિના મનમાં કોણ મોહ ઉપજાવે છે ?

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- આ કાવ્યનું વર્ગમાં સમૂહગાન કરો.
- કૃષ્ણભક્તિનાં અન્ય કાવ્યો મેળવી પ્રોજેક્ટ તૈયાર કરો.

### ભાષા-અભિવ્યક્તિ

- કવિએ આવે - ઉપજાવે, લહેકે - મહેકે, હીરો - વીરો, મારું - વારું, રહીએ - હરખીએ જેવા પ્રાસસભર શબ્દોથી કાવ્ય ગૂંથ્યું છે.
- 'તારાના વૃંદનો ચંદ્ર' અને 'સોને મઢ્યો હીરો' - જેવી સરખામણીથી શ્રીકૃષ્ણનું સૌંદર્ય પ્રગટ કર્યું છે.
- 'કુંડળ લહેકે' - 'ચંદન મહેકે'
- ચાલતા કૃષ્ણ સાથે હાલતા કુંડળ વર્ણવવા કવિ કુંડળ સાથે 'લહેકે' શબ્દ લાવ્યા છે તો વળી ચંદન સાથે 'મહેકે' પ્રયોજી અંત્યાનુપ્રાસ અલંકાર પણ કવિએ સરસ રીતે વણી લીધો છે.

### શિક્ષકની ભૂમિકા

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના શિરમોર કવિઓમાંથી મીરાં, નરસિંહ અને દયારામે કૃષ્ણને સખીભાવે આરાધ્યા છે.

નરસિંહના પ્રસ્તુત કાવ્યમાં કૃષ્ણનું મનમોહક વર્ણન, કૃષ્ણ માટેનાં દૃષ્ટાંતો અને તેમની સુંદરતા પર સર્વસ્વ વારી જતા નરસિંહ મહેતાના મનોભાવો ધ્યાનાકર્ષક છે. આ બધી બાબતો અંગે વિદ્યાર્થીઓને સમજ આપવી. કૃષ્ણનું દર્શન માત્ર શુભકારી છે તે સુંદર રીતે રજૂ થયેલા ભાવની સ્પષ્ટતા કરવી.

ભક્તિના જુદાજુદા પ્રકારો પૈકી પ્રેમલક્ષણા ભક્તિ વિશે સમજ આપવી. આ કાવ્યમાં વ્યક્ત થયેલા ભાવ જેવા જ ભાવ વ્યક્ત કરતાં અન્ય કાવ્યો મેળવી બંનેની તુલનાત્મક ચર્ચા કરવી.

●